તલોદ બજારમાં નિર્માણાધિન માર્ગનું
કામ તંત્રની બેદરકારીએ ખોરંભે ચઢ્યું



# બનાસકાંઠા જિલ્લાનું ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહનું ૬૩.૬૫ ટકા પરિણામ

પાલનપુર, તા. ૨૮

બનાસકાંઠા જિલ્લાનું ધોરણ-૧૨ સાયન્સ પ્રવાહ અને ધોરણ-૧૦ બોર્ડનું પરિણામ જાહેર થયા બાદ આજ બપોરે ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહનું પરિણામ જાહેર થયું છે. બનાસકાંઠા જિલ્લાનું ધોરણ-૧૨નું આર્ટ્સ અને કોમર્સનું સામાન્ય પ્રવાહનું પરિણામ ૬૩.૬૫ ટકા પરિણામ જાહેર થયું છે. જોકે મહત્વ વાત એ છે કે બનાસકાંઠા જિલ્લામાંથી ધોરણ-૧૨ના સામાન્ય પરિણામમાં એ ગ્રેડમાં એક પણ વિદ્યાર્થીનો સમાવેશ થયો નથી. જિલ્લામાંથી કુલ ૨૩૮૧૭ વિદ્યાર્થી પરીક્ષામાં બેઠા હતા. જેમાં ૯૩૦૨ વિદ્યાર્થી નાપાસ થયા છે. ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહમાં લેવાયેલી પરીક્ષામાં સી.સી. કેમારા અને ટેબ્લેટમાં કુલ ૩૬ જેટલા ગેરરીતિના કેસ નોંધાય હતા.

જિલ્લા ધોરણ-૧૨ સામાન્ય પરિણામમાં એ-વનમાં જીરો, એ-ટુમાં ૫૮, બી-વનમાં ૮૪૧, બી-ટુમાં ૨૪૦૩, સી-વનમાં ૪૦૮૮, સી-ટુમાં ૪૨૯૧, ડીમાં ૩૪૦૧, જ્યારે ઈ-૧૩ વિદ્યાર્થીનો સમાવેશ થાય છે. જ્યારે પાલનપુર સેન્ટરનું ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહનું ૮૦.૦૫ ટકા પરિણામ તેમજ ડીસાનું ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહનું ૭૦.૭૫ ટકા પરિણામ, ધાનેરા ૭૭.૨૨ ટકા, થરાદ-૬૫.૧૦ટકા, દિયોદર ૭૧.૬૮ ટકા, થરા ૮૧.૪૨ ટકા, વાવ ૭૦.૦૩ ટકા, શિહોરી ૬૩.૧૧ ટકા, લાખાણી ૭૩.૩૨ ટકા, અંબાજી ૭૮.૩૫ ટકા, દાંતા ૭૬.૮૦ ટકા, હડાદ ૬૨.૦૨ ટકા, કુવારસી ૭૨.૯૬ ટકા, અમીરગઢ ૫૮.૩૩ ટકા જેટલું પરિણામ જાહેર થયું હતું.

# પાલનપુરની પ્રખ્યાત માવજત હોસ્પિટલ સામે પોલીસ કેસ

## પગની સારવાર માટે દાખલ કરાયેલા દર્દીનું દવાની આડઅસરને પગલે મોત થતા તબીબ જગતમાં ખળભળાટ : એક વર્ષ બાદ નોંધાઈ પોલીસ ફરિયાદ

પાલનપુર, તા. ૨૮

પાલનપુરની પ્રખ્યાત માવજત હોસ્પિટલ સામે કેસ થવા પામ્યો છે. જેમાં એક વર્ષ અગાઉ પગમાં થયેલી ઈજા દરમિયાન માવજત હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરાયા હતા. જ્યાં દવાની આડઅસર થવાને પગલે દર્દીનું મોત થતા આજે એક વર્ષ બાદ આજે પાલનપુરની માવજત હોસ્પિટલમાં ફરજ બજાવતા ૪ ડૉક્ટર સામે પોલીસ ફરિયાદ નોંધાવતા સમગ્ર તબીબ જગતમાં ખળભળાટ સર્જવા પામ્યો છે.



પગની સારવાર માટે દાખલ કરાયેલા દર્દીનું દવાની આડઅસરને પગલે મોત થવાનો કિસ્સો તબીબ જગતમાં નવો છે તેમજ સ્થાનિક તબીબ સામે પોલીસ ફરિયાદ ન લેતા મુખ્યમંત્રી ઓનલાઈન તેમજ ક્લેક્ટરની સીધી સૂચનાને પગલે આજે પોલીસ ફરિયાદ નોંધી છે. ફરિયાદીએ એક વર્ષ સુધી થયેલા વિલંબના આક્ષેપો સાથે આજે પાલનપુર પોલીસ મથકે ફરિયાદ નોંધી છે તેમજ પોલીસે પણ હવે આ મુદ્દે વધુ તપાસ પી.એસ.આઈ. એન. પી. છાયાએ હાથ ધરી છે.

## ઊંઝા આંટા સમાજનું ગૌરવ

ઊંઝા, તા. ૨૮



રાજકોટ નાગરિક સહકારી બેંક ઊંઝા શાખામાં કેશીયર તરીકે ફરજ બજાવતા પટેલ સતીષકુમાર કાન્તિલાલ (ચાણસ્મીયા)ના સુપુત્ર એલીસ પટેલે ચાલુ વર્ષે લેવાયેલ ધોરણ-૧૦ એસ.એસ.સી. બોર્ડની પરીક્ષામાં ૯૯.૨૧ પી.આર. (૮૮ ટકા) ગુણ મેળવી ઊંઝા આંટા સમાજનું ગૌરવ વધારેલ છે.



## મેઘરાજાના સારથી વાદળોના પગરવ...

મારુ મન મોર બની થનગનાટ કરે... તેવો રોમાંચ ગગનમાં ગોરંભાયેલા વાદળોથી સૌના મનમાં ઉભો થયો છે. વરસાદના આગમનના એંધાણથી જ પ્રકૃતિ તેના રંગ બદલવા લાગે છે અને સમગ્ર માહોલ પ્રફુલ્લિત થઈ ઉઠે છે. મેઘરાજાના સારથી એવા વાદળોએ બે ત્રણ દિવસથી પોતાના પગરવ માંડી દેતા એક નવા જ વાતાવરણના અહેસાસથી મન થનગની ઉઠે છે. અગનગોળા વરસાવતા સૂર્યનારાયણ દેવને પોતાની અંદર છુપાવી ઠંડકનો અહેસાસ આપતા વાદળોનો આકાશમાં નજારો ખૂબ જ અદ્ભુત લાગી રહ્યો હતો. આકાશી માહોલમાં આવેલા અચાનક પરિવર્તનથી લોકોમાં વરસાદ આવવાના ચિહ્નો લાગી રહ્યા છે. જોકે કુદરતની આ કળાને નજર સમક્ષ નિહાળીને સૌ કોઈ હાલ તો મેઘરાજાની આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યા છે. પરંતુ હાલમાં આકાશમાં છવાયેલા વાદળો ગરમીથી રાહત આપી રહ્યા છે તે મહત્ત્વનું બન્યું છે અને વાદળોની જમાવટના કુદરતી દ્રશ્યો મન મોહી રહ્યા છે.

# પાલનપુરમાં રાજ્ય સરકારના વિરોધમાં રીક્ષાચાલકોની મહારેલી યોજાશે

પાલનપુર, તા. ૨૮

આગામી ૩૦મી મેના રોજ બનાસકાંઠા રીક્ષાચાલકોની જિલ્લા મથક પાલનપુરમાં મહારેલી યોજાશે. જેમાં જિલ્લામાંથી ૧૦૦૦ રીક્ષાચાલકો રેલી સ્વરૂપે જિલ્લા સેવા સદન ખાતે પહોંચી જિલ્લા કલેક્ટરને રજૂઆત અંગે આવેદનપત્ર આપશે. રાજ્ય સરકારના વાહન વ્યવહાર વિભાગ દ્વારા રીક્ષાચાલકોના એન.સી. મેમોના દંડમાં દસ ઘણો વધારો કરેલ હોવાથી તેના વિરોધમાં તેમજ અન્ય પડતર પ્રશ્નોને લઈને રીક્ષાચાલકોએ આંદોલનના માર્ગનો મુડ બનાવ્યો છે. આજે જિલ્લા મથક પાલનપુર ખાતે આવેલ સરકીટ હાઉસ ખાતે બનાસકાંઠા ઓટો રીક્ષા સંઘર્ષ સમિતિ દ્વારા પત્રકાર પરિષદનું આયોજન કરવામાં આવ્યું હતું. આ અંગે બનાસકાંઠા ઓટો રીક્ષા સંઘર્ષ સમિતિના પ્રમુખ સાજીદ મકરાણીએ જણાવેલ છે કે, આગામી ૩૦મી મેના રોજ પાલનપુર હાઈવે પરથી બનાસકાંઠા જિલ્લાના ૧૦૦૦ જેટલા રીક્ષા ચાલકો હાજર રહી રીક્ષા સાથે મહારેલીમાં જોડાશે અને રાજ્ય સરકારના વાહન વ્યવહાર વિભાગના વિરોધમાં શહેરમાં મુખ્ય માર્ગ પર ફરી જિલ્લા કલેક્ટરને જૂના એન.સી.મેમોના પરિપત્ર મુજબ દંડ વસુલ કરવામાં આવે તે અંગેનું આવેદનપત્ર રજૂ કરશે.



## સ્પીપા ડીસ્ટ્રીક્ટ ટ્રેનિંગ સેન્ટર હિંમતનગર ખાતે તાલીમાર્થીઓના પ્રવેશ જોગ

સાબરકાંઠા જિલ્લામાં ગુજરાત સરકાર દ્વારા સંચાલિત સ્પીપા ડિસ્ટ્રીક્ટ ટ્રેનિંગ સેન્ટર શરૂ થનાર છે. તેમાં યુપીએસસી દ્વારા લેવાનાર સિવિલ સર્વિસીઝની તૈયારી માટે પૂર્ણ સમયના પ્રશિક્ષણ વર્ગ શરૂ થનાર હોઈ સાબરકાંઠા જિલ્લા કક્ષાએથી ૨૫ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાનો થાય છે, જે અંતર્ગત પ્રવેશ માટે ઉમેદવારો પાસેથી અરજીપત્રકો મંગાવવામાં આવે છે. કોરા અરજીપત્રકો સંબંધિત મામલતદાર કચેરી ખાતેથી મળી શકશે. રસ ધરાવતા ઉમેદવારોએ સંપૂર્ણ વિગતો સાથે અરજી પત્રક ભરી નાયબ કલેક્ટર કચેરી, એ-બ્લોક, બીજો માળ, જિલ્લા સેવાસદન, બહુમાળી ભવન, હિંમતનગરને તા. ૮-૨-૨૦૧૬ સુધીમાં બંધ કવરમાં ટપાલ મારફત મોકલી આપવાના રહેશે.

# તલોદ બજારમાં નિર્માણાધિન માર્ગનું કામ તંત્રની બેદરકારીએ ખોરંભે ચઢ્યું

તલોદ, તા. ૨૮

તલોદ બજારના મધ્યમાં અંદાજીત રૂ. ૪ કરોડના ખર્ચે નિર્માણ પામી રહેલ રોડનું કામ છેલ્લા છ માસથી અનેક વિવાદનું માધ્યમ બની ગયું છે. આ નિર્માણાધિન માર્ગ કેટલાક અંતરાયો અને નગરપાલિકાની ઢીલી નીતિને કારણે ખોરંભે ચઢ્યું છે. પરિણામે સ્થાનિક રાહદારીઓ અને વાહનચાલકો પરેશાન થઈ ઉઠ્યા છે. ત્યારે હાથ ઉપર હાથ રાખીને બેસી રહેવાને બદલે નગરપાલિકા તંત્ર ચોમાસા અગાઉ તાકીદે આ માર્ગનું નિર્માણ કાર્ય પુરૂ કરાવે તેવી માંગ ઉઠવા પામી છે.

તાલુકા મથક તલોદ બજારમાં અંદાજીત રૂ. ૪ કરોડના ખર્ચે નિર્માણ પામી રહેલ રોડ છેલ્લા ૬ માસથી અનેક વિવાદનું માધ્યમ બન્યો છે. બજારની મધ્યમાં જ આ રોડના નિર્માણનું કાર્ય કેટલાક અંતરાયો અને નગરપાલિકાની ઢીલી નિતીને કારણે ખોરંભે પડ્યું છે. એક ફૂટથી વધુ ઊંડો ખોદી નાંખીને તેમાં મેટલ નાખી પડી રહેવા દીધેલો આ રોડ માર્ગ પ્રજા માટે ભારે અડચણરૂપ બન્યો છે. રોડના અટકી પડેલા કામની ભિતરમાં અનેક તર્ક-વિતર્ક થઈ રહ્યા છે. અને તેથી કરીને નગરપાલિકાનો વહિવટ વિવાદીત બન્યો છે. આ રોડના નિર્માણમાં કેટલાક કેબીનો અવરોધરૂપ હોઈ અને તેઓને નોટીસો આપી હોઈ, કામ અટકેલ હોવાના રાગ જવાબદાર અધિકારી આલાપી રહ્યા છે. જો કે અગાઉ પણ અનેકવાર નોટીસો આપી હોવા છતાં તેનું પરીણામ મળેલ નથી. જે હકિકત છે. હવે ચોમાસુ બારણે ટકોરા મારી રહ્યુ હોય તેવું વાતાવરણ ઉદભવ્યું છે ત્યારે હજારો નગરજનોની માંગ છે કે તાકીદે આ રોડના અધુરા રહેલા કામને તંત્ર પૂર્ણ કરે. નહી તો અંદાજીત ૫૦ મીટર જેટલા લાંબા રોડના ખાડામાં વરસાદી પાણી ભરાશે ત્યારે આકસ્મિક કોઈ જીવલેણ ઘટના ઘટશે તેવો દહેશત સેવાઈ રહ્યુ છે. અને પછી કરવામાં આવનાર ધમપછાડા નિરર્થક હશે.

તલોદ નગરની બજારના મધ્યભાગમાં માતાજીના ચોક સમીપનો માત્ર ૫૦ મીટરનો આ રોડ બનાવવામાં તંત્ર પાસે જાણે કે કોઈ જ પાવર્સ ન હોય તેમ જણાય છે. અહીંના કેબીન ધારકો, તેઓની પાછળ રહેલી દુકાન-મિલ્કતના કાયદેસરના માલિકો અને નગરપાલિકા તંત્રના ત્રિભેટે ચાલી રહેલા ધમાસાણને કારણે રાહદારીઓ અને વાહનચાલોકની સ્થિતિ ભારે કફોડી અને દયનીય બની છે. ત્યારે હાથ ઉપર હાથ રાખીને બેસી રહેવાને બદલે ન.પા. તાકીદે આ રોડનું નિર્માણ કાર્ય પુરૂ કરાવે તે જરૂરી છે.



## પ્રાંતિજના ખોડિયાર કૂવા મહાલક્ષ્મી માતાજીનો સોપારી હવન યોજાયો

પ્રાંતિજ ખોડીયાર કૂવા વિસ્તારમાં આવેલ પૌરાણિક શ્રી મહાલક્ષ્મીજી મંદિર ખાતે પાટોત્સવ નિમિત્તે મંદિર વ્યવસ્થાપકો દ્વારા મંદિર સંકુલમાં સોપારી હવન કાર્યક્રમ યોજાયો હતો. પ્રાંતિજના મધ્યમ ભાગમાં આવેલ ખોડિયાર કૂવા શ્રી મહાલક્ષ્મી મંદિર ખાતે ૮૨ વર્ષ પૂર્વે વ્યાસ મહાશંકર કાળીદાસ પરિવાર દ્વારા આ મંદિરમાં માતાજીની સ્થાપના કરવામાં આવી હતી. જ્યારે પાટોત્સવ નિમિત્તે સોપારી હવનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય યજમાન તરીકે પૂર્વ ડીવાયએસપી પરેશભાઈ ત્રિવેદી તથા તેમના પરિવારજનોએ લાભ લીધો હતો. જ્યારે દર વર્ષે મંદિરના ચોકમાં નવરાત્રી મહોત્સવની ઉજવણી ધામધૂમપુર્વક કરવામાં આવે છે. જ્યારે મંદિરના નિભાવ માટે ધર્મશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું અને હાલમાં ધર્મશાળાનું રીનોવેશન કામ ચાલુ છે ત્યારે શ્રી મહાલક્ષ્મીમાતાજીમાં અખૂટ શ્રદ્ધા ધરાવતા ધર્મપ્રેમી લોકો દરરોજ અહિ દર્શન અર્થે આવે છે.

## ઊંઝાના કસ્બા ચોરામાં વ્યાપક ભ્રષ્ટાચારની ફરિયાદ

ઊંઝા, તા. ૨૮

વેપારી મથક અને યાત્રા સ્થળ ઊંઝા ખાતે કોટકુવા વિસ્તારમાં વર્ષો જૂની કસ્બા તલાટીની કચેરી કાર્યરત છે. કસ્બાચોરા તરીકે ઓળખાતી આ મહેસૂલ વિભાગ હસ્તકની કચેરીમાં તલાટી કમ મંત્રી કક્ષાના કર્મચારી ફરજ બજાવતા હોય છે. ત્યારે છેલ્લા કેટલાક સમયથી આ કચેરીમાં ભ્રષ્ટાચારની બોલબાલા વધી ગઈ હોવાની લોકોમાં બૂમરાણ ઉઠી છે. કહે છે કે, આ કસ્બાચોરામાં ફરજ બજાવતા તલાટી કક્ષાના કર્મચારી કચેરીને લગતા જમીન સહિતના કામકાજમાં વ્યાપક કટકી કરી રહ્યા છે.

બીજું તાજેતરમાં ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ તથા ધોરણ-૧૦ના પરિણામો જાહેર થયા છે ત્યારે શહેરી વિસ્તારના ઉચ્ચ અભ્યાસ અર્થે પ્રવેશ મેળવવા માગતાં છાત્ર - છાત્રાઓને જરૂરી આવકના દાખલા, ક્રિમિલેયર, ઈ.બી.સી. અન્ય દાખલાો, રેશનિંગ કાર્ડ મેળવવા અંગે નિયત ફોર્મમાં તલાટીના સહી સિક્કા, અભિપ્રાય માટે ફરજિયાત ઊંઝાની કસ્બા તલાટીની કચેરીમાં જવું પડે છે ત્યારે આ કચેરીમાં બેઠેલા કેટલાક સરકારી બાબુ સકારાત્મક વલણ દાખવવાને બદલે નકારાત્મક વલણ અપનાવી યેનકેન પ્રકારે ફોર્મમાં તેમજ સાધનિક કાગલો સંદર્ભે ખામીઓ કાઢી વિદ્યાર્થીઓને ભારે પરેશાન કરી રહ્યા છે.

કહે છે કે, અત્રે ફરજ બજાવતા તલાટી મહાશય સત્તાના જોરે છાત્રો પાસેથી પણ ગેરકાયદે નાણાં પડાવતા હોવાના આક્ષેપો થઈ રહ્યા છે. આવી સ્થિતિમાં ગરીબ વ્યક્તિઓ તેમજ વિદ્યાર્થીઓ ભારે કફોડી હાલતમાં મૂકાયા છે. ઉપરોક્ત બાબતે સંબંધિત ઉચ્ચ અધિકારીઓએ સત્વરે ખાનગી રાહે તપાસ કરાવી કથિત ભ્રષ્ટ કર્મચારીની શાન ઠેકાણે લાવવી જરૂરી મનાય છે.

# શ્રેષ્ઠ ભારત બનાવવા માટે મા-બાળક અને તંદુરસ્ત હોવા જોઈએ : છત્રસિંહ મોરી

ખેડબ્રહ્મા, તા. ૨૮

ગુજરાત સરકારના કુપોષણ મુક્ત ગુજરાત અભિયાન અંતર્ગત કેડબ્રહ્મા ખાતે યોજાયેલ કાર્યક્રમમાં સમારંભની શરૂઆતમાં જિલ્લાના આરોગ્ય ખાતાના આર. જી. શ્રીમાળીએ ઉપસ્થિત મહેમાનોનું શાબ્દિક સ્વાગત કર્યું હતું. ત્યારબાદ આવેલ મહેમાનોનું મગછાબ વડે સ્વાગત કરવામાં આવ્યું હતું. પ્રાસંગિક પ્રવચન કરતાં બાળ અધિકાર સંરક્ષણ આયોગના ચેરમેન જાગૃતિબેન પંડ્યાએ જણાવ્યું હતું કે, રાજ્યના ભવિષ્ય માટે આવનાર પેઢીને શસક્ત કઈ રીતે બનાવવું એ એક મા જ વિચારી શકે છે, માટે આ યોજના મુખ્યમંત્રી દ્વારા અમલમાં મૂકવામાં આવી છે. સ્ત્રી શક્તિનું ઉમદા ઉદાહરમ આપણા મુખ્યમંત્રી છે. આ પ્રસંગે ઉપસ્થિત ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમના ચેરમેન દર્શનાબેન વાઘેલાએ જણાવ્યું હતું કે, પહેલા કોંગ્રેસની સરકારમાં આંગણવાડીઓ ફક્ત પેપર પર જ ચાલતી હતી. તેમણે જણાવ્યું હતું કે મહિલા ઘરની મુખ્ય વ્યક્તિ છે જે આખા ઘરને સાચવે છે પણ પોતાને સાચવતી નથી માટે મહિલાઓએ પોતાને પોષણયુક્ત કરવી પડશે.

આ સમારંભના અધ્યક્ષ છત્રસિંહ મોરીએ કહ્યું હતું કે ઘરમાં વહુની કિંમત ન હોય તેવી જ રીતે આપણને પણ ગુજરાતના વિકાસની કદર નથી, જો ભારતને શ્રેષ્ઠ બનાવવો હોય તો મા-બાળક બન્નેને તંદુરસ્ત બનાવવા પડશે. તેમણે જણાવ્યું હતું કે ગત વર્ષમાં આંગણવાડીના બાળકોમાં ૨૦ હજાર જેટલા બાળકો રેડ ઝોનમાંથી બહાર નીકળી ગયા છે. મંત્રીશ્રીના જણાવ્યાનુસાર આ બાલ અમૃતમ્ યોજનામાં ૦ થી ૫ વર્ષના તમામ બાળકોને આરોગ્ય તપાસ કરવામાં આવશે અને મિશન શક્તિનો પણ શુભારંભ કરાવ્યો હતો. આ પ્રસંગે સાબરકાંઠા જિલ્લા ભાજપ મહામંત્રી અશોકભાઈ જોશી, તાલુકા ભાજપ પ્રમુખ સુરેશભાઈ પટેલ, તાલુકા પંચાયત વિરોધ પક્ષના નેતા શિવાભાઈ પરમાર, ખેડબ્રહ્મા શહેર ભાજપ પ્રમુખ બ્રિજેશ પટેલ, મામલતદાર, ટી.ડી.ઓ. સહિત મોટી સંખ્યામાં આંગણવાડી કાર્યકર અને મેડીકલ સ્ટાફ સહિત મહિલાો ઉપસ્થિત રહી હતી. સમારંભના અંતે આભારવિધિ ખેડબ્રહ્મા ટી. એચ.ઓ. હિતેશ પટેલોો દ્વારા કરવામાં આવી હતી.





# ખેડબ્રહ્મામાં ગાડીનો કાચ તોડી ચોરી કરનાર આરોપીઓએ બે ગુન્હા કબુલ્યા

ખેડબ્રહ્મા, તા. ૨૮

ખેડબ્રહ્મા અંબિકા માતાજી મંદિરના કમ્પાઉન્ડમાંથી પાર્ક કરેલી ગાડીનો કાચ તોડી ચોર ઈસમો હાથ સાફ કરી ગયા હતા તે આરોપીઓ રીમાન્ડ પર આવતા બે ગુન્હા કબુલ્યા હતા.

ખેડબ્રહ્મા યાત્રાળુઓનો ધસારો મોટા પ્રમાણમાં હોઈ તકનો લાભ લઈ તસ્કરો હાથ સાફ કરી રહ્યા છે. ખેડબ્રહ્મા પોલીસે ચોરીની ફરીયાદના આધારે સી.સી.ટી.વી. ફુટેજના આધારે પકડેલ વડોદરાના બે આરોપીઓને શુક્રવારે કોર્ટમાં રજૂ કર્યા હતા. જેમાં કોર્ટે બન્ને આરોપીઓના તા. ૩૧ મે સુધી રીમાન્ડ આપ્યા હતા. જે પોલીસની તપાસમાં બન્ને આરોપીઓ શેર બહાદુર માણેચંદ ગીરી (ગોસ્વામી), અમીર અબ્દુલ સઈદ બન્ને રહે. વડોદરાએ ચોરી કબુલ કરતા ગત ૧૫ મે ના રોજ પ્રિયંકકુમાર કનુભાઈ પટેલ રહે. નારણપુરાની ગાડી જીજે.૧૮.એબી.૧૭૯૮નો કાચ તોડી તેમાંના બે પર્સની અંદર રાખેલ રોકડા રૂ. ૩૦૦૦, ડેબીટકાર્ડ, ઈલેક્શનકાર્ડ, પાનકાર્ડ, લાયસન્સની ચોરી કરી હતી. જ્યારે ૨૬ મે ના રોજ અમદાવાદના વાસણામાં રહેતા વસંતકુમાર રમેશચંદ્ર રાઠોડની ગાડી નં. જીજે.૧.આર.એલ.૪૫૨૬નો કાચ તોડી ચોરી કરેલ સામાન બે લેડીઝ પર્સ અને તેમાં રાખેલ રૂ. ૩૦૦૦ રોકડા, સોનાની બે બુટ્ટી રૂ. ૧૦ હજાર તથા એચ.ટી.સી. મોબાઈલ રૂ. ૧૪૦૦૦ તથા સોની કંપનીનો કેમેરો રૂ. ૩૦૦૦ મળી કુલ રૂ. ૩૦ હજાર તથા ચોરીમાં વપરાયેલ ગાડી જીજે.૬. એચએસ.૩૪૦ને પરત મેળવી લેવામાં આવ્યા છે.



# નીચીધનાલ કંપામાં કૂવામાંથી પુરૂષની હત્યા માટે બે આરોપીઓ રીમાન્ડ પર

ખેડબ્રહ્મા, તા. ૨૮

ખેડબ્રહ્મા તાલુકાના નીચીધનાલકંપામાં કૂવામાંથી ગત શનિવાર સાંજના એક યુવકનો મૃતદેહ મળી આવ્યો હતો. જે અંગે ખેડબ્રહ્મા પોલીસે એક મહિલા સહીત ત્રણને ઝડપી પાડ્યા હતા. અને કોર્ટમાં રજુ કરતા બે આરોપીઓને કોર્ટે પાંચ દિવસના રીમાન્ડ આપ્યા હતા.

ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનથી પ્રાપ્ત વિગતો અનુસાર ખેડબ્રહ્મા તાલુકાના નીચીધનાલ કંપામાં ગઈ તા. ૨૧-૫-૨૦૧૬ના રોજ કૂવામાંથી રાજુભાઈ શકરાભાઈ ઠાકરડા રહે. સુંદરપુર, તા. વિજાપુરનો મૃતદેહ મળી આવ્યો હતો. જેમાં ખેડબ્રહ્મા પોલીસે એક મહિલા સહીત ત્રણ આરોપીઓને ઝડપી કોર્ટમાં રજુ કરતા ખેડબ્રહ્મા કોર્ટે બે આરોપીઓ રાજુભાઈ પ્રતાપભાઈ ઠાકોર મુળ રહે. ગવાડા, તા. વિજાપુર અને બાબુભાઈ કાળાભાઈ પરમાર રહે. દેમતી, તા. પોશીનાને પાંચ દિવસના રિમાન્ડ આપ્યા હતા. આ કેસના મુખ્ય આરોપી બીજરાભાઈ દિતાભાઈ કટેરીયા રહે. માલવણ, તા. પોશીના ફરાર છે.